અમદાવાદ (ગ્રામ્ય) ની ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ કોર્ટ, રૂમ નં. 513, પાંચમો માળ, મીરઝાપુર, અમદાવાદ.

**<u>ફોજદારી કેસ નં.૧૫૨૨૬/૨૦૨૨</u>**

**આંક.........**

**<u>ફરીયાદીઃ</u>** શ્રી સરકાર

વિરૂદ્ધ

**<u>આરોપીઃ</u>** અજયકુમાર સુરેશભાઈ ઠાકોર

ફરીયાદી તર્ફે એ. પી. પી. શ્રી અને આરોપી તર્ફે વિ. વ. શ્રી

ગુનોઃ– ઈ. પી. કો. કલમ – 279 તથા એમ.વી. એકટની કલમ ૧૭૭, ૧૮૪ મુજબ.

**–: ચુ કા દો :–**

1. ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ચાર્જશીટમાં દર્શાવેલ વિગતે પોતાના હવાલાવાળુ વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી ફરીયાદી / સાહેદને ટકકર મારી પાડી દઈ, શરીરના જુદા જુદા ભાગે ઈજાઓ પહોંચાડી / વાહનને નુકસાન કરી ઉપરોકત કલમો મુજબનો ગુનો કરેલાનો આક્ષેપ છે અને તે મુજબ આરોપી સામે ચાર્જશીટ કરેલ છે.

2. આરોપી સામે ચાર્જશીટ ફાઈલ થતાં આરોપીને સમન્સ કરેલ છે જે અન્વયે આરોપી હાજર થતા આરોપીએ સ્વેચ્છાએ ગુનાની કબુલાત કરેલ છે અને તે અંગે કબુલાત પુરસીસ રજૂ કરેલ છે.

3. આરોપીએ રજૂ કરેલ કબુલાત પુરસીસ, આરોપીની આર્થીક તેમજ સામાજિક સ્થીતી તથા સદર આરોપીએ કરેલ ગુનો અને તે ગુનામાં કરવામાં આવેલ સજાની જોગવાઈઓ વિગેરેને ધ્યાને લેતા સદરહુ આરોપીને જો એક સુધરવાની તક આપવામાં આવે અને તેને યોગ્ય દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે તેમ માની નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-: આ ખ રી હુ ક મ :-**

આ કામના આરોપીને ક્રિ. પ્રો. કોડની કલમ – 252 અન્વયે ઈ. પી. કો. કલમ – 279 તથા એમ.વી.એક્ટની કલમ ૧૭૭, ૧૮૪ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને રૂ. 500/– (અંકે રૂપિયા પાંચસો પુરા) નો દંડ અને જો આરોપી દંડ ન ભરે તો દિન – 7 ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

તા. 12/11/2022
અમદાવાદ

(રઘુવિરસિંહ અનિરૂધ્ધસિંહ ઝાલા)
UIC CODE NO. GJ00938
ચીફ જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ
મીરઝાપુર, અમદાવાદ (ગ્રામ્ય)